સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ઉંદરો સંપે તે પહેલાં બિલાડો જાગી ગયો !
પક્ષોની એકતાનો મૃત્યુઘંટ વાગી ગયો !
ભાગી ગયો ઘોડો તબેલે પૂરાય તે પહેલાં -
નક્કર આયોજનથી ધ્યેયને આંબી ગયો !

હાઈકુ

ગઠબંધન
હતી બધાને તૃષ્ણા -
વડા - પદની...

સંઘ સહિત
સૌ પૂરાયા પાંજરે
ડણક શાંત

ચિંતન

પહિલે અગની વિરહકી, પીછે પ્રેમ પિયાસ,
કહે કબીર તબ જાનિયે, રામ મિલન કી આશ

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

આપણે સૌ મૃત્યુલોકના માનવીઓને પ્રશ્ન થાય છે કે કબીર મુમુક્ષુઓની અને વિરહી ભક્તો થતા તેમનામાં જાગેલ રામમિલનની ઝંખનાની વાતો કહે છે પણ આવા રામ મિલન માટે વ્યાકુળ મુમુક્ષુઓનાં લક્ષણ ક્યાં હશે ? અને આવા ભક્તોને મુમુક્ષુતા પ્રાપ્ત થઈ છે તે જાણવું શી રીતે ?

કબીર કહે છે. ભક્તોમાં વિરહરૂપી અગ્નિની જવાળા લાગી ચૂકી હોય અને પછી ભગવાનને મળવાની ઝંખના જાગી છે. ભગવત સ્વરુપના વિરહનું કારણ અન્ય દુન્યવી બંધનો છે. અને ભગવદ્ પ્રાપ્તિની તમન્ના એ મોક્ષ પ્રાપ્તિ માટેનું કારણ બને છે. ભગવાનમાં અનન્ય પ્રેમ હોય અને ભક્તમાં જ્યારે તેનો વિરહ અસહ્ય બને ત્યારે જાણવું કે જે તેને મોક્ષ માર્ગ દોરી જઈ તેનું પ્રભુ સાથે મિલન કરાવે છે.

સુવિચાર

- માના કી ઔરોં કે મુકાબલે કુછ જયાદા પાયા નહીં મૈંને....
  પર ખુદ ગિરતા - સંભલતા રહા, કિસી કો ગિરાયા નહીં - **શ્રીધર પંડિત**
- દરેક જગ્યાએ અત્તર જ મહેંકતું હોય એ જરૂરી નથી,
  ઘણીવાર માણસાઈ પણ સુગંધ પ્રસરાવી જાય છે - **બોધિવૃક્ષ**
- બોલજો એવું કે 'ઘા' ન પડે 'પડઘા' પડે - **એસ. ભટ્ટાચાર્ય**
- જવાબદારી અને તકલીફો આ બંનેનું સકારાત્મક પરિણામ એટલે - 'પ્રગતિ' - **શિવ ખેરા**
- નિંદ (ઊંઘ) અને નિંદા ઉપર જે વિજય મેળવી શકે છે તેમનો આગળ વધતા કોઈ નહીં રોકી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો તમે દરેક સ્મિત પર ભગવાનનો આભાર ન માની સકો,
  તો તમને જરા પણ હક નથી દરેક આંસુ પર ભગવાનને દોષ આપવાનો - **ધર્મલોક**
- આજનું ઔષધ : ડોડીના પાન સૂકવીને ચૂર્ણ બનાવી અડધી ચમચી સવાર-સાંજ દૂધ સાથે લેવાથી માતાને ધાવણ વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સાન ફ્રાન્સિસ્કોનો રહેવાસી. એલેક્સ હોનોલ્ડ. પર્વત આરોહણનો અને શોખ. 'હાઈકિંગ' વિશે એવો પ્રચલિત ખ્યાલ છે કે અમુક પ્રકારના જૂતા અને અમૂક પ્રકારની કિટ્સ અને અનુભવી સિનિયર ગાઈડ આગળ આગળ દોરડું લઈને ચઢે એને આધારે બીજા પાછળ પાછળ ચઢે. ઊંચા પહાડ ચઢવા માટે ઓક્સિજન માસ્ક પણ જોઈએ. આ એક ટીમવર્ક છે. એલેક્સ નક્કી કર્યું કે યોશોમાઈટ નેશનલ પાર્કનો કેપિયાન શિખર જે પાંચેક હજાર ફુટની ઊંચાઈએ આવેલું છે. તે ચઢવાનો પ્લાન બનાવ્યો. એણે જાહેર કર્યું કે હાઈકીંગ માટે તે એકલો જશે. કોઈ પણ ગાઈડની મદદ વગર, કોઈ પણ જાતના સ્પેશિયલ ઉપકરણો વગર તે. કેપિટાન પર્વત ચઢશે. આ એનો નિર્ણય ખતરનાક હતો કારણ કે આમ કરવાથી જો પકડ ગુમાવે તો સીધા મૃત્યુ થવાય. અડગ નિર્ણય અને આત્મવિશ્વાસ ધરાવનાર માત્ર ત્રણ કલાક ત્રીસ મિનિટમાં કેપિટાનના શિખરે પહોંચી. તેણે વિશ્વ વિક્રમ સ્થાપ્યો. ઉઘાડે પગે એને ઉઘાડે શરીરે તેણે ૩ જૂન ૨૦૧૭ના રોજ આ સાહસ કરી બતાવ્યું. જાનનું જોખમ કરીને એલેક્સે 'હાઈકિંગ' માટેના ખ્યાલને પડકાર્યો અને જેમાં તે સફળ થયો.

કોંગ્રેસ માટે આત્મમંથન જરૂરી

તંત્રીસ્થાનેથી...

બહુ મોટા ઉપાડે સોનિયા ગાંધીને નિવૃત્ત કરી દઈ રાજકુમાર રાહુલ ગાંધીને પાર્ટીનું સુકાન સોંપાયું ત્યારે પણ ઘણા સમજદાર અને સિનિયર કોંગ્રેસી આગેવાનોને થોડું અજુગતું તો લાગેલું. રાહુલ ગાંધીની છાપ અધકચરા, અપરિપક્વ અને જવાબદારી સ્વીકારવાથી દૂર છટકવા મથતા 'બાળનેતા' જેવી જ હતી, ભલે ઉંમરથી અર્ધશતાબ્દીએ પહોંચ્યા હોવ છતાં 'રાહુલ બાબા' અને 'પપ્પુ' જેવાં નામે જ ઓળખાતા હતા. વળી પરિવારનું જ રાજકારણ આગળ વધારવાનું ફરજિયાત હોય તો રાહુલ કરતાં વધુ માર્કસ પ્રિયંકાને મળે એવી એક સ્પષ્ટ સમજણ કોંગ્રેસી વર્તુળોમાં પ્રવર્તતી હતી. પરંતુ પુત્રપ્રધાન સંસ્કૃતિને અનુસરીને કૅથોલિક સંસ્કારો ધરાવતાં સોનિયા ગાંધીએ પ્રિયંકોન ચૂંટણીના પ્રચારકથી આગળની કોઈ ભૂમિકા ભજવવા ન દીધી. ઉત્તરપ્રદેશના અને સવિશેષ અમેઠી-રાયબરેલીના પરંપરાગત મતદાતાઓ રાહુલ કે સોનિયાના વિકલ્પે પ્રિયંકાને પસંદ કરવા લાગ્યા હતા. ભૈયા અને મૈયા કરતાં બિટિયાને નેતાપદ અપાવવા આ ગરીબડા ગામડિયા છેક ૨૪-અકબર રોડ સ્થિત કોંગ્રેસના અખિલ ભારતીય હેડક્વાર્ટર્સ સુધી દોડી આવતા હતા. પ્રદર્શનો કરતા હતા. સૂત્રો પોકારતા હતા. પરંતુ મૈયા મનોમન પોતાના રાજપાટનો સુવાંગ વારસો ભૈયાને આપવાનો નિર્ણય કરી બેઠાં હતાં. કૅન્સર જેવી જીવલેણ બીમારીની સારવાર માટે વારંવાર અમેરિકાની મુલાકાત લેતાં રહેતાં સોનિયા ગાંધીને એટલી સમજણ તો પડી જ ગઈ હતી કે હવે આરામ કરવાનો તબક્કો આવી ગયો છે. એટલે અનેક પ્રકારે તાલીમ અપાવી રાજતિલક માટે રાહુલ ગાંધીને તૈયાર કર્યા પછી એમને શરુઆતમાં ઉપપ્રમુખ અને પાછળથી રાષ્ટ્રીય પ્રમુખનો હવાલો સોંપી દેવાયો. રાહુલ ગાંધીએ જર્નાદન ત્રિવેદી, દિગ્વિજયસિંહ, અહમદ પટેલ, મોતીલાલ વોરા વગેરે સિનિયર નેતાઓ ઉપરાંત સામ પિત્રોડા જેવા રાજીવ ગાંધીના વિશ્વાસુ સાથી તથા મધુસૂદન મિસ્ત્રી જેવા સર્વહારા સમુદાયના હિતચિંતક પાસેથી રાજનીતિના પાઠ ભણીને પોપટની જેમ રાહુલ ગાંધી ગોખેલું ઓકવા તો લાગ્યા પરંતુ મોદી જેવા મૌલિક અને તત્કાળ વક્તા તો તેઓ સાત જન્મારે પણ ન બની શકે. કૂવામાં હોય તો હવાડામાં આવે. રાહુલનું વાંચન અને જ્ઞાન અને અનુભવ મર્યાદિત હોઈ તેઓ ડાઉન ટુ અર્થ - ગ્રાસરૂટ લેવલમાં મમતા બેનરજી કે લાલુ યાદવ કે નીતીશ કુમારની તોલે પણ ન આવી શકે. ત્યાં એમને વડાપ્રધાન બનવાની ચાનક ચડાવી દઈનો ઘોડો છુટ્ટો મૂકી દેવાયો ત્યારે જ દેશના શાણા મતદાતાને તો ખબર હતી કે મોદી જેવા મહારથી સામે આ બટકબોલા છોકરડાના ચણા પણ ન આવે. પરંતુ કોંગ્રેસની મજબૂરી તો જુઓ ! એની આખી સિનિયર કેડર સેકંડ લાઈનમાં ખસી ગઈ અને રાહુલજીની પ્રશસ્તિમાં લાગી ગઈ. સ્ટાર પ્રચારક તરીકે બાકી રહી જતું હતું તે પ્રિયંકાને પણ મેદાનમાં ઉતાર્યાં. ઈંદિરા જેવા નાક-નકશાથી મતદાતાઓ ઘેલા થઈ થઈને કોંગ્રેસના પંજા પર પસંદગી ઉતારશે એવી માન્યતા જ કેટલી બાલિશ હતી ! પરિવારવાદ કોંગ્રેસના અધઃપતનના પાયામાં છે. મોદીએ કોંગ્રેસની આ દુઃખતી રગ જ દબાવ્યે રાખી. રોબર્ટ વાડ્રાના દેખીતા ભ્રષ્ટાચારનો મુદ્દો લોકોને રાફેલના અસ્પષ્ટ ભ્રષ્ટાચાર કરતાં વધુ અસર કરીગયો. વળી ભાજપ પાસે બૂથ લેવલના કાર્યકરોની જવાબદાર સેના હતી, સંઘ પરિવાર હતો. કોંગ્રેસ પાસે ભાજપ જેટલાં નાણાં પણ નહોતાં અને કાર્યકરો તો એકમેકના ટાંટિયા ખેંચતા હતા. રાહુલને અમેઠીમાં જ હરાવી દઈ મોદી-શાહની બેલડીએ કોંગ્રેસને વિચારતી કરી મૂકી છે. રાહુલ રાજીનામું આપવાનો કર્મકાંડ કરશે પણ સોનિયા મંડળી એને સ્વીકારવાની નથી. કોંગ્રેસ પરિવારવાદમાંથી મુક્ત નહીં થાય ત્યાં સુધી ભાજપને ઊભી આંચ આપવાની નથી.

પોલીસ દ્વારા કરવામાં આવતા પંચનામાની જાણકારી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

આપણી આજુબાજુ કોઈપણ પ્રકારની કાયદાકિય ઘટન કે કાઈમ બને ત્યારે પોલીસ સ્થળ સ્થિતિનું પંચનામું કરવામાં આવે છે. સફેદ કોરા કાગળ ઉપર લખીને હાજર બે વ્યક્તિની સહિ, સાક્ષી તરીકે લઈ સ્થળ સ્થિતિનો રીપોર્ટ કરે છે. સામાન્ય લોકો પોલીસ દ્વારા પંચનામા કરવામાં આવતા તેમાં સહિ કરવાથી ગભરાય છે જેથી પોલીસ સ્થાનિક ગલ્લાવાળા, રીક્ષાવાળાને પંચનામામાં સહિ કરાવી લે છે જેને ચાલતા કેસમાં કેસની વિગતો ના હોય પુરાવાના અભાવે આરોપી નિર્દોષ છુટી જાય છે.

પંચનામું એટલે ભારત દેશના તમામ પોલીસ સ્ટેશનમાં અને તમામ કોર્ટમાં દિવસમાં અસંખ્ય વખત આ શબ્દ બોલવામાં આવે છે પરંતુ દેશના કોઈ જ કાયદામાં પંચનામું શબ્દનો કાયદાકિય અર્થ કે ઉલ્લેખ શુધ્ધા આપેલ નથી દેશમાં લગભગ કોઈ કાયદામાં પંચનામું કરવાની જોગવાઈ નથી છતાય તમામ દિવાની તથા ફોજદારી બાબતોમાં પંચનામું કરવામાં આવે છે.

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૦૦(૪) અને ૧૦૦(૫) માંથી પંચનામા અંગેની માર્ગદર્શીકા લેવામાં આવી છે. આ જોગવાઈ મુજબ જયારે કોઈ પોલીસ અધિકારી પાસે કોઈ જગ્યાની તપાસ કરવાનું વોરંટ હોય ત્યારે તપાસ કરતા પહેલા બે જવાબદાર અને સ્વતંત્ર નાગરિકોને સાથે રાખવા પડશે આ બે વ્યક્તિઓને કાયદાની ભાષામાં પંચ કહેવામાં આવે છે.

જે કિસ્સામાં કોઈ નજરે જોનાર સાક્ષી ન હોય અને આખી ઘટના સંજોગો આધારીત હોય તેવા કિસ્સામાં પંચનામું ખુબ જ અગત્યનો પુરાવો બની રહે છે. પોલીસે કરેલી તપાસને મજબુત બનાવવા તેમજ ઘટના કે ગુન્હાને લગતા સ્વતંત્ર સાક્ષીઓ અને પુરાવાને ઉભા કરવામાં આવે છે. ટુંકમાં કોઈપણ ઘટના કે ગુન્હામાં પંચ પોલીસની રૂબરૂમાં જે કોઈ જુએ છે તેનો અહેવાલ એટલે પંચનામું.

પંચનામામાં પોલીસ સ્ટેશનનું નામ, પંચનામું કરનાર અધિકારીના નામ અને હોદ્દો, પંચોના નામ, સરનામા, કામ-ધંધો, પંચનામું તૈયાર કરનારનું કારણ અને અપરાધનું ચોક્કસ સ્થળ તેમજ બનાવ અંગેની માહિતી પંચનામું ક્યારે શરૂ કરવામાં આવ્યું અને ક્યારે ખતમ કરવામાં આવ્યું તેના સમયની વિગત, અંતમાં પંચોની સહિ હોય છે. પંચનામામાં પંચોએ ઘટના સ્થળે શું જોયું તેનું વર્ણન હોય છે.

પંચનામાના પ્રકાર, ગુન્હો બનવાવાળી જગ્યાનું પંચનામું, મોટા ભાગે જે જગ્યાએ ઘટના કે ગુન્હો બને છે તે જગ્યાએ તપાસ અધિકારી દ્વારા કરવામાં આવે છે. ગુન્હાવાળી જગ્યા જોઈને ત્યાંના ફોટા લેવા ખુન, ધાડ કે લુંટ જેવા બનાવોમાં ડોગસ્કોડની મદદ લેવી, ગુન્હાવાળી જગ્યાએ ગુન્હો બની ગયા પછી શું શું પુરાવા છે તેને પંચો સમક્ષ જોવા અને પુરાવાઓ એકઠા કરવા ચોરીની ઘટના હોય તો તુટેલી તિજોરી, વિખરાયેલ માલ સામાન વિગેરેની જાણકારી, અકસ્માત હોય તો ગાડીની સ્થિતિ, ટાયર અને રોડનું પંચનામું કરવામાં આવે તો તેને કોર્ટમાં માન્ય ગણવામાં આવે છે કોઈ ગુન્હાનો આરોપી પુછપરછમાં પોતે કહેતા કોર્ટના ગુન્હાની કબુલાત કરે અને કબુલાતમાં તે ગુન્હામાં વપરાયેલ વસ્તુ કે જગ્યાની કબુલાત કરે અને પાછળથી તે જગ્યા કે વસ્તુ ત્યાંથી જ મળી આવે તો તેવા સંજોગોમાં ડિસ્કવરી પંચનામું કરવાનું થાય છે. કોઈ ખુનનો આરોપી કબુલ કરે કે છરો તેણે કઈ જગ્યાએ છુપાવ્યો છે તે જગ્યાએ જઈ છરો મળે તો તેને ડિસ્કવરી પંચનામા વિગતે કબજે લેવામાં આવે છે આ પંચનામું તેના વિરૂધ્ધ પુરાવા તરીકે લઈ શકાય છે.

ઈન્કવેસ્ટ (મરણોત્તર પંચનામું) જયારે કોઈ વ્યક્તિનું શંકાસ્પદ મૃત્યુ થાય ત્યારે તેની લાશને, શરીરની સ્થિતિને બનાવવાળી જગ્યાના પંચનામાને મરણોત્તર પંચનામું કહેવામાં આવે છે. આ પંચનામામાં જે મૃત દેહ મળ્યો હોય તેના ઉપર કોઈ ઈજાના નિશાન છે કે કેમ? આજુબાજુમાં લોહીના કે અન્ય નિશાન મળેલ છે કે કેમ? કોઈ હથીયાર મળી આવેલ છે કે કેમ? મરણ કુદરતી રીતે થયેલાનું જણાઈ આવે છે કે ખુન લાગે છે વિગેરે તમામ વિગતો મરણોત્તર પંચનામામાં તપાસવામાં આવે છે.

ધરપકડનું પંચનામું જયારે કોઈ વ્યક્તિની ધરપડ કરવામાં આવે તો ત્યારે ધરપકડ સમયે તે વ્યક્તિની શરીર સ્થિતિ જેમાં કોઈ ઈજા થઈ હોય અને તેનો ઉલ્લેખ શરીર ઉપર કોઈ ચિજવસ્તુ કે મોબાઈલ હોય ત્યારે આ પંચનામું કરવામાં આવે છે.

ચોરીમાં દાગીના કબજે લેવાના હોય તો સોનીને પંચ તરીકે રાખવા કલમ ૨૭ હેઠળની પંચનામા તહોમતદાર આગળ ગયો અને પંચો તેની પાછળ ગયા તેણે સંતાડેલ જગ્યા બતાવી અને મુદ્દામાલ શોધી કાઢયો તેમ લખવું જરૂરી છે.

અંતમાં અમો પંચોએ જે જોયું તે અમોએ લખાવ્યું. અમારા લખાવ્યા પ્રમાણે બરાબર છે એમ લખીને પછી પંચોની સહિ લેવી હોમગાર્ડ કે જીઆરડીના સભ્યોને પંચ તરીકે ના લઈ શકાય.

આરોપીના કબજામાં મકાન છે તેમ દર્શાવવા માટે આરોપીનું નામ લખેલા વાસણો, વસ્તુઓ, રેશન કાર્ડ, ટેલીફોન બીલ, લાઈટ બીલ કે મકાનના દસ્તાવેજોનો ઉલ્લેખ કરી પાડોશી, ભાડુઆત દ્વારા કબજો નક્કિ કરી શકાય.

અગાઉ પંચ તરીકે લીધા હોય તેમને ફરી વખત પંચ તરીકે ન લઈ શકાય. પંચનામામાં ચેકચાક કરી હોય ત્યાં પંચોની સહિ લેવી.

જે જગ્યાએ જડતી કરવામાં આવે તેના કબજેદાર કે તેના વતી કોઈ વ્યક્તિને ઝડતી દરમ્યાન હાજર રહેવા દેવા જપ્ત કરેલ વસ્તુઓની યાદી કબજેદારને આપવી જોઈએ.

સીઆરપીસી ૧૭૪ હેઠળ પંચનામા અભિપ્રાય આપી શકાય તે સીવાયના પંચનામામાં તપાસ કરનાર અધિકારીનો કે પંચનો અભિપ્રાય ન લખવો જોઈએ. એનડીપીએસ એકટ હેઠળ પ્રાથમિક પંચનામામાં પંચો પાસે રેઈડમા જનારાઓની જડતી તપાસ કરવાની છે કોઈ પદાર્થ રેઈડમાં જનાર પાસે તો નથી ને.

જપ્તી પંચનામું એટલે ગુન્હાવાળી

અનુસંધાન પાના નં ૭ પર

ઉચર્યો કદી ન એક જૂઠો દિલાસો જીભથી; છેલ્લી વારે છેક ફોગટ બોલ્યો ફારબસ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

વા'લા, તારાં વેણ સ્વપનામાં પણ સાંભરે;
નેહ ભરેલાં નેણ ફરી ન દીઠાં, ફારબસ...
દિલ ન થશો દિલગીર, વેલેરા મળશું વળી :
વદીને એવું વીર, ફરીને મળ્યો ન ફારબસ.
ઉચર્યો કદી ન એક જૂઠો દિલાસો જીભથી;
છેલ્લી વારે છેક ફોગટ બોલ્યો ફારબસ

૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના પછી ફોર્બ્સે આયુષ્યના અંત લગી ગુજરાતની પ્રજાને અન્ય અનેક અર્વાચીન સંસ્થાઓ અને પ્રવૃત્તિઓની ભેટ ધરી હતી. ૧૮૪૯માં અમદાવાદમાં 'નેટિવ લાઈબ્રેરી' ની સ્થાપના કરી હતી. ૧૯૪૯માં ગુજરાતી ભાષાનું પ્રથમ સામાહિક 'અમદાવાદ વર્તમાનપત્ર' નું પ્રકાશન કર્યું હતું. (દર બુધવારે પ્રગટ થતું હોવાથી તેનું લોકપ્રિય નામ હતું 'બુધવારિયું'. એનું છ રૂપિયા વાર્ષિક લવાજમ હતું, એના ૧૨૫ ગ્રાહકો હતા, એ સ્વનિર્ભર હતું. ૧૮૪૮ લગી એ અસ્તિત્વમાં હતું.) ૧૮૫૦માં હરકુંવરબાઈના સહકારમાં એક કન્યાશાળાનું સંચાલન કર્યું હતું. ૧૮૫૪માં 'બુદ્ધિપ્રકાશ' નું પ્રકાશન કર્યું હતું.

૧૮૫૦માં ફોર્બર્સ સુરતમાં શહેર સુધરાઈના અમલદાર તરીકે નિયુક્ત થયા હતા. અહીં એમને 'એન્ડ્રુસ લાઈબ્રેરી'ની સ્થાપના કરી હતી. એમાં દર બુધવારે 'સુરત સમાચાર' વર્તમાનપત્રનું પ્રકાશન કર્યું હતું.

૧૮૫૧માં ફોર્બ્સ અમદાવાદમાં આસિસ્ટંટ કલેકટર તરીકે નિયુક્ત થાય હતા. એમણે ગુજરાતના ઈતિહાસમાં માટે સામગ્રી એકક્ષ કરવા માટે ગુજરાત - સૌરાષ્ટ્રનાં અનેક સ્થળે પ્રયાસ કર્યો હતો.

૧૮૫૨માં ફોર્બ્સ મહીકાંઠા એજન્સીમાં પોલિટિક્સ એજન્ટ તરીકે નિયુક્ત થયા હતા. આ વર્ષમાં દીપોત્સવી પ્રસંગે ઈડરમાં અનેક કવિઓને પોતાના નિવાસસ્થાને નિમંત્રણ આપીને 'કવિ મેળો' યોજ્યો હતો.

૧૮૫૪માં ફોર્બ્સ મુંબઈમાં હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા હતા. મુંબઈમાં એ અતિ લોકપ્રિય હતા. એમને એશિયાટિક સોસાયટીનું પ્રમુખપદ અર્પણ કરવામાં આવ્યું હતું. એનો એમને વિનય પૂર્વક સ્વીકાર કર્યો ન હતો. પણ એ એના ઉપ પ્રમુખપદે રહ્યા હતા. મુંબઈ સરકારે એમને મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે નિયુક્ત કર્યા હતા. ૧૮૬૫માં મુંબઈમાં મુંબઈના નગરજનો અને સૌરાષ્ટ્રના મહારાજાઓનાં મોટી રકમોનાં દાનની સહાયથી 'શ્રી ગુજરાતી સભા' નું 'શ્રી ફોર્બ્સ ગુજરાતી સભા' એવું નવીન નામકરણ કરવામાં આવ્યું હતું.

૧૮૬૫માં ૪૪ વર્ષની અતિકાચી વયે 'બહુ વિચાર કરવાથી, અને ઘણાં કામ સાથે લેવાથી મગજમાં રોગ થયો' એથી એમનું અવસાન થયું હતું.

ફોર્બ્સની જન્મભૂમિ ભલે ઈંગ્લેન્ડ હોય, પણ એમની કર્મભૂમિ તો ગુજરાત જ. ૨૧ વર્ષની વયે આ સાહિત્યપ્રિય ઈતિહાસવિદ્ એવા એક અંગ્રેજ અમલદાર તરીકે ભારત આવ્યા હતા. ૪૪ વર્ષની વયે એમનું અવસાન પૂનામાં ભારતમાં જ થયું હતું. ૨૩ વર્ષ લગી એમને ગુજરાત, ગુજરાતી ભાષા અને ગુજરાતની પ્રજા જ્ઞાનસમૃદ્ધ થાય એ માટે ભારે પરિશ્રમ અને પુરુષાર્થ કર્યો હતો. ૧૮૫૬માં 'રાસમાળા'નું પ્રકાશન થયું હતું ત્યારે નર્મદે એની પ્રશંસા રૂપે લખ્યું હતું, 'ઓ દેશીઓ ! આ શાં તમારાં નૂર ! તમે કેવા ઊંઘતા અને આળસુ છો કે તમારી પાસે પડેલી તમારી જ ચીજનું તમે બરાબર ભાન નથી રાખી સકતા ! પરદેશીઓ એ વસ્તુઓનું ચોખ્ખું ભાન ધરાવે છે, તો પણ એ ઉપર તમે નિઘા નથી કરતા.' તેઓ અંગ્રેજ અમલદાર હતા. છતાં અંગ્રેજી અમલ દરમિયાન જ ૧૮૫૭ના બળવા અંગે એમણે નિર્ભીક અને નિષ્પક્ષ નિવેદન કર્યું હતું : 'લોકોના ઉપર અનેક પ્રકારના અન્યાય થાય તેથી જ બળવો થયો.' નર્મદે ફોર્બ્સની મૃત્યુનોંધમાં 'દાંડિયા' માં લખ્યું હતું, 'મુંબઈ ક્વાર્ટરલી રિવ્યુ'માં આર્ટિકલો લખીને પોતાના વિચારને તે વખતના તપેલા અંગ્રેજોનાથી જુદા હતા તે બતાવ્યા હતા. ભાંગના ક્યારામાં કોઈ વખત તુલસીનો છોડ ઉગી નીકળે છે. તેમ હાલ બે-ત્રણ વર્ષ થયા પછી ચવાયેલી અને સઉની દાઢે ચડેલી 'સિવિલ સર્વિસ'માં પણ જૂના ટોપીવાલાઓમાંના કોઈ બડા અચ્છા સાહેબો નીવડેલા છે. તેવા મરનાર એલેકઝાંડર કી. ફોર્બ્સ સાહેબ થયા. ફક્ત એમને સાહેબી ભોગવી જાણી નથી. એમણે તો ગુજરાતને જ પોતાનું વતન જાણ્યું છે.'

આમ, આ ગુજરાતપ્રેમી અંગ્રેજે ગુજરાતને, ગુજરાતના ભાષાસાહિત્યને, ગુજરાતની પ્રજાને અનેક અર્વાચીન સંસ્થાઓ અને પ્રવૃત્તિઓની ભેટ ધરી હતી. પણ એમની સર્વશ્રેષ્ઠ ભેટ તો હતી દલપતરામ, દલપતરામની અર્વાચીનતા.

દલપતરામે નાનપણમાં ગામઠી પ્રાથમિક શાળામાં નહિવત્ ઔપચારિક અભ્યાસ કર્યો હતો. એ અનેક કવિઓની જેમ સ્વશિક્ષિત હતા. એમને કિશોરવયે જ ઉખાણાઓ, હડૂલા, આદિ કાવ્યસ્વરુપોમાં કવિતા રચવાનો આરંભ કર્યો હતો. શામળ એમનો પ્રિય કવિ હતો. પછીથી એમને ફોર્બ્સના સાનિધ્યમાં ઉચ્ચ કક્ષાનું અનૌપચારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. દલપતરામના જીવનમાં અને કવનમાં જે નૈતિક મૂલ્યોનો, નૈતિકતાનો આગ્રહ છે એમાં સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રેરણા હતી. પછી એને બૌદ્ધિકતાનું, અર્વાચીનતાનું એક નવું પરિમાણ પ્રાપ્ત થયું એમાં ફોર્બ્સની પ્રેરણા હતી.

દલપતરામે 'રાસમાળા' માટે ગુજરાતના ઈતિહાસની સામગ્રી - હસ્તપ્રતો, કંઠસ્થ લોકગીતો અને લોકકથાઓ આદિ-એકક્ષ કરવા ફોર્બ્સની સાથે ગુજરાતમાં સ્થળે સ્થળે પગપાળા પ્રવાસો કર્યા હતા. આ પ્રવાસો દરમિયાન દલપતરામને લોકમાનસનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. એમનાં પદ્ય અને ગદ્ય લખાણોમાં - સવિશેષ હાસ્યનાં કાવ્ય અને નાટકોમાં - એ પ્રગટ થયો છે.

ફોર્બ્સ દ્વારા એમને પશ્ચિમનો અને પશ્ચિમનાં અર્વાચીન જીવનમૂલ્યોનો ગાઢ પરિચય થયો હોત અને એમની ઈતિહાસ-દૃષ્ટિ ખૂલી-ખીલી હતી.

ફોર્બ્સે દલપતરામને નિબંધ લખવાનો આગ્રહ કર્યો હતો.

Last Seen :

હેતે ઝાલ્યો હાથ, છેક કદી નહિ છોડતો;
મળ્યે સ્વરગનો સાથ, ફંટાયો તું, ફારબસ !...
તારા બોલ તણા જ ભણકારા વાગે ભલા;
ઉપજે ઘાટ ઘણા જ, ફરી ક્યાં દેખું ફારબસ.
નેણે વરસે તીર સ્નેહી જ્યારે સાંભરે;
વે'લો આવી વીર, ફરીને મળજે, ફારબસ !

- દલપતરામ કવિ

nehalgadhavi101@gmail.com

ભાજપના જાગતા તંત્રે વેરવિખેર વિપક્ષી મોરચાને મહાત આપી

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

આપણે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે: "જાગતાની પાડી અને ઊંઘતાનો પાડો." લોકસભાની વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્યાતિભવ્ય વિજય અને કૉંગ્રેસ સહિતના વિપક્ષ માટે આ કહેવત અદ્દલ લાગુ પડે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરીને વડાપ્રધાન થશે એ તો લગભગ નિશ્ચિત મનાતું હતું,પણ આટલી બહુમતી અંકે કરીને વડાપ્રધાન થશે એ તો ભાગ્યે જ કલ્પનામાં હતું. મોદી અને એમના પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની ગુજરાતી જોડીનો આ ચમત્કારિક વિજય હોવાને કારણે હવે તો એમના પક્ષના વયોવૃદ્ધ નેતાઓ જ નહીં, વિપક્ષી નેતાઓ પણ હરખભેર એમનું અભિવાદન કરી રહ્યા છે. સ્વાભાવિક છે કે વર્ષ ૨૦૨૪ લગી દેશના શાસનની ધુરા સંભાળવાની જવાબદારી મોદીને શિરે છે ત્યારે એમણે વિજય પછીના સર્વપ્રથમ પ્રગટ સંબોધનમાં દર્શાવેલી વિનમ્રતા સાથે દેશની પ્રજાના કલ્યાણ માટે કાર્યરત રહેશે, એટલી અપેક્ષા જરૂર કરી શકાય. અમે તો દૂરદર્શન પર કહ્યું હતું કે જેમ કેરીઓ આવે અને આંબો નમે એ રીતે આવતાં પાંચ વર્ષ મોદી અને સાથીઓ, એમણે કહ્યું તેમ, વિનમ્રતા સાથે શાસન કરે. ૩૦ મેના રોજ મોદી સરકાર કેવી બને છે એ જોવાનું રસપ્રદ રહેશે, પણ ભાજપના અધ્યક્ષ અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ ગૃહમંત્રી તરીકે મહત્વના સ્થાને આવે એવું અપેક્ષિત છે.

જીતનો યશ મોદીના નેતૃત્વને

જીત મોદીના નેતૃત્વની, શાહના વડપણવાળા ભાજપના મજબૂત અને જાગતા સંગઠન, સંઘ પરિવારના પ્રયાસો તેમજ રાષ્ટ્રીય સુરક્ષાની બાબતમાં મક્કમ ઈચ્છાશક્તિ ધરાવતા શાસનની છે.રાષ્ટ્રવાદનો મુદ્દો ખૂબ પ્રભાવી રહ્યો.પ્રજાના પ્રશ્નો બાજુએ સારીને પ્રજાએ લડતા-ઝગડતા વિપક્ષોને બદલે ફરી એકવાર મોદીમાં વિશ્વાસ મૂક્યો છે.સાથે જ સામાન્ય પ્રજાને કેન્દ્રની વિવિધ યોજનાઓનો લાભ પહોંચાડવામાં જે કામ થયું એના પ્રતાપે મોદી સરકાર ભણી વિશ્વાસ જાગ્યો હતો. આ વિશ્વાસ પાંચ વર્ષમાં પ્રજાને સુખાકારી અને સંતોષ સાથે રાષ્ટ્રની પ્રગતિનો અહેસાસ કરાવે તેમજ સર્વધર્મી અને સર્વકર્મી સાથે સમવ્યવહાર થાય તો જ ગનીમત. સત્તારૂઢ ભાજપમાં સંઘનિષ્ઠ અને આયાતી કૉંગ્રેસી એમ બે છાવણીઓ લાભાર્થીની ભૂમિકામાં જોવા મળે છે.આયાતી નેતાઓ સીધા જ ચાર કલાકમાં કે બાર કલાકમાં પ્રધાનપદે ભલે નિયુક્ત થઈ જાય,પણ પક્ષની વ્યૂહ ઘડનારી બેઠકોમાં તો સંઘનિષ્ઠ અને એમાં પણ પાછા મોદી-શાહના નિષ્ઠાવંત હોય એવા જ નેતા-કાર્યકર્તાને સામેલ કરાય છે. આ વિશે કાર્યકરો કે પ્રવક્તાઓમાં ખાનગી ખૂણે અસંતોષ વ્યક્ત કરાય છે,પણ સત્તા સાથે રહેવાના લાભ ખાટવા માટે ખુલ્લામાં આવીને પતી જવા ભાગ્યેજ કોઈ તૈયાર હોય છે.

વિપક્ષીનેતાપદથી કૉંગ્રેસ વંચિત

મે ૨૦૧૯માં સત્તારૂઢ ભાજપ અને વિપક્ષી કૉંગ્રેસની તુલનામાં આ વખતે મે ૨૦૧૯ની લોકસભાનું ચિત્ર જરા નોખું છે. વિપક્ષી નેતાઓને

- સત્તારૂઢ ભાજપમાં સંઘનિષ્ઠ અને આયાતી કૉંગ્રેસી એમ બે નોખી છાવણીઓ એકદમ લાભાર્થીની ભૂમિકામાં
- ભાજપને લોકસભાની ચૂંટણીમાં ૨૨.૬ કરોડ મત મળ્યા, જયારે પ